


# બેન્કમાં નાણાં મૂકીને નિશ્ચિંત થઈ શકાય?

બેં કિગ સિસ્ટમ વિશ્વાસ પર ટકી છે; અને તે વિશ્વાસ અનેક વખત ડગમગ્યો છે. ઘણી વાર તેની જાણ સામાન્ય પ્રજાને થાય છે તો અનેક વખત એવુંય થાય છે કે બેંકિંગ સિસ્ટમના ઘણા રહસ્યો ધરબાયેલા જ રહે છે, તે ક્યારેય બહાર આવતા નથી. હાલમાં 'એચડીએફસી' બેન્કનું એવું કૌંભાડ પ્રકાશમાં આવ્યું અને તે કૌભાંડની અસરથી 'એચડીએફસી'ના શૅરની ટકાવારીમાં ત્રણ દિવસમાં પાંચ ટકા સુધીના ઘટાડો નોંધાયો. 'એચડીએફસી' બેન્કમાં જે કંઈ બન્યું તેની શરૂઆત થઈ હતી 18 માર્ચ 2026ના રોજ જ્યારે બેન્કના ઇન્ડિપેન્ડેન્ટ ડિરેક્ટર અને તત્કાલિન ચેરમેન અતનુ ચક્રવર્તીએ એમ કહી રાજીનામું આપી દીધું કે બેન્કમાં બે વર્ષથી કેટલીક એવી પ્રેક્ટિસ થઈ રહી છે જેનો મારા મૂલ્યો સાથે મેળ ખાતી નથી. તે વખતે પણ બેન્કના શૅરમાં અફરાતફરી મચી હતી, પરંતુ બેન્કના નિવેદન મુજબ કશુંય ખોટું થયું નહોતું અને તે અંગે 'રિઝર્વ બેન્ક ઑફ ઇન્ડિયા'એ પણ હૈયાધારણા આપી કે 'એચડીએફસી' બેન્કમાં કશુંય અજુગતું નથી. જોકે અતનુ ચક્રવર્તીએ જે શંકા વ્યક્ત કરી હતી તેમાં કોઈ તપાસ ન થાય તો બેન્કની શાખા પર દાગ લાગે, તેથી એક તપાસ પંચ નિમવામાં આવ્યું; તે તપાસ થઈ 'ઇન્ટરનલ વિજિલન્સ ઇન્વેસ્ટિગેશન ઑફ આઈઈબી' દ્વારા. આ તપાસ એજન્સીએ માર્ચ-એપ્રિલના હિસાબોનો તાળો મેળવ્યો ત્યારે તેમને હિસાબમાં એવું ઘણું દેખાયું જેનાથી બેન્કમાં બધુ સામાન્ય ચાલી રહ્યું છે - તેવું ન કહી શકાય.

હવે જ્યારે તપાસ થઈ તો તેનો રેલો છેક 2021ના વર્ષ સુધી ગયો. મહારાષ્ટ્ર સરકારની એક કંપની છે 'મહારાષ્ટ્ર સ્ટેટ રોડ ડેવલપમેન્ટ કૉર્પોરેશન લિમિટેડ'[MSRDC]. આ કંપની પાસે 25,000 કરોડનું ભંડોળ હતું. તેથી 'એચડીએફસી' બેન્કના ટોપ અધિકારીઓને લાગ્યું કે આ નાણાં જો આપણી બેન્કમાં આવે તો બેન્કની સ્થિતિ વધુ મજબૂત થાય. અહીં સુધી જેમ બધી બેન્ક વિચારે છે તે રીતે જ 'એચડીએફસી' બેન્કના પદાધિકારીઓએ વિચાર્યું. પરંતુ તે પછી તેમણે જે કર્યું તેવું ભાગ્યે જ બનતું હોય છે. 'MSRDC' પાસે જ્યારે 'એચડીએફસી'નો પ્રસ્તાવ પહોંચ્યો ત્યારે સ્વાભાવિક છે કે 'MSRDC' વિભાગના અધિકારીઓ પણ પોતાની શરતો મૂકે. તેમણે 'એચડીએફસી' સમક્ષ એક એવી શરત મૂકી જે બેન્કના નિયમોથી વિરુદ્ધ હતી. મતલબ કે મોટા ખાતેદારોને મૂડી પર જે સરેરાશ વ્યાજ દર ચૂકવણી થાય છે તે ટકાવારી 3.5 ટકા સુધીની છે, પણ 'MSRDC' તેની સામે છ ટકા વ્યાજ માંગ્યું. બેન્ક કાગળ પર છ ટકા જેટલું વ્યાજ ચૂકવે તો બેન્કની પોલ ખૂલી જાય અને તેમાં કોઈ ઘાલમેલ થઈ છે તેવું બેન્કિંગ સેક્ટરમાં અને તે પછી લોકો-ખાતેદારોને પણ ખબર પડે. તેથી 'એચડીએફસી' બેન્કે ચાલાકી વાપરી કાગળ પર 4.5 ટકા જેટલું વ્યાજ ચૂકવાશે તેવી બાંયધરી આપી અને મૌખિક રીતે બીજા ઉપરના નાણાં ચૂકવવાની ગેરન્ટી આપી. 4.5 ટકા જેટલું વ્યાજ ચૂકવવામાં 'રિઝર્વ બેન્ક ઑફ ઇન્ડિયા'ના નિયમોનો છેદ ઊડી જતો હતો, કારણ કે દેશની સર્વોચ્ચ બેન્કના નિયમ મુજબ કોઈ પણ બેન્ક પોતાના મનમરજી મુજબ વ્યાજ દર ચૂકવી શકે નહીં. ઉપરાંત જે મૌખિક રીતે કબૂલાયેલો વ્યાજ દર હતો તેના 45 કરોડ રૂપિયા 'એચડીએફસી' બેન્કે 'MSRDC' ચૂકવ્યા અને તે પાછા માર્કેટિંગના ખર્ચ પેટે દાખવ્યા. મતલબ કે 25,000 કરોડની લાલચમાં બેન્કના ટોપ મેનેજમેન્ટે બધા નિયમો નેવે મૂકી દીધા. 'એચડીએફસી' આ બધું કર્યું તેમ છતાં 'MSRDC' તરફથી તેમની બેન્કમાં 3000 કરોડ જ આવ્યા. બીજા નાણાં આવ્યા જ નહીં. ચૂકવણી 'MSRDC'ને વ્યાજ પેટે થઈ તેને કાગળ પર દાખવવામાં

**આ કંપની પાસે 25,000 કરોડનું ભંડોળ હતું. તેથી 'એચડીએફસી' બેન્કના ટોપ અધિકારીઓને લાગ્યું કે આ નાણાં જો આપણી બેન્કમાં આવે તો બેન્કની સ્થિતિ વધુ મજબૂત થાય**



આવી માર્કેટિંગ ખર્ચના સ્વરૂપે. આવું થાય ત્યારે તેના ખોટા બિલ પણ બન્યા હોય તેવીય શંકા છે. મતલબ બેન્કે લાલચમાં આવીને એટલું બધું ખોટું કર્યું કે બેન્કની જ આંતરિક તપાસ એજન્સીને તે વ્યવહારમાં મર્યાદાઓ દેખાઈ. તપાસ એજન્સીએ રિપોર્ટમાં બધું વિસ્તૃત રીતે લખ્યું છે અને તે રિપોર્ટનો વિગતવાર સમાચાર 'ઇન્ડિયન એક્સપ્રેસે' પ્રકાશિત કર્યા છે. તે પછી અનેક ચેનલોએ પણ 'એચડીએફસી' બેન્ક દ્વારા જે ચાલાકી થઈ તેના સમાચાર દાખવ્યા છે. 'ઇન્ડિયન એક્સપ્રેસ'માં આ સમાચાર કવર કરનાર પત્રકાર આકાશ મંડલ હતા.

આ પૂરી સ્ટોરી જોઈએ ત્યારે તેમાં ખોટું થયું છે તેનો ખ્યાલ આવે, પરંતુ અહીં લખાઈ છે એટલી સરળતાથી 'એચડીએફસી' બેન્કના હિસાબ લખાતા નથી. આર્થિક મામલા એટલા અટપટા હોય છે કે તેને માટે આર્થિક બાબતની સમજ જોઈએ. કેટલીક ટેક્નિકલ વિગતોની સમજણ મેળવીને તે અન્યોને સમજાવવું મુશ્કેલ છે. પરંતુ આ કિસ્સામાં 'એચડીએફસી' બેન્કે જે કંઈ કર્યું તે બધું બહાર આવ્યું. હવે જોવાનું છે કે બેન્ક તેમના રિપોર્ટમાં આવેલી ગેરરીતિમાં એક્શન શું લેશે.

**પગરવ**

★ પ્રશસ્ત પંડ્યા

પરંતુ શું આ રીતે માર્કેટમાં ટકી રહેવા અને પોતાનો વેપાર વધારવા માટે નિયમોના ઉલાળીયા કરવામાં માત્ર 'એચડીએફસી'નું નામ લઈ શકાય. તો તેનો જવાબ 'ના' છે. અનેક બેન્કોના નાણાં વ્યવહારમાં આવા ગોટાળા છે અને તે ગોટાળા એટલા બધા છે કે તેને લઈને વરૂણ સુખરાજ નામના એક વ્યક્તિએ સવા કલાકની એક ડોક્યુમેન્ટરી ફિલ્મ બનાવી છે.

આ ફિલ્મનું નામ છે : 'ધ ગ્રેટ ઇન્ડિયન ઇલ્યુઝન'. દેશની આ સૌથી મોટી આર્થિક ભ્રમણાનો ખ્યાલ હવે ધીરે ધીરે દેશમાં પ્રસરી રહ્યો છે અને તે સંબંધિત જ વાત આ ડોક્યુમેન્ટરીમાં કરવામાં આવી છે. ડિરેક્ટર વરૂણ સુખરાજ આવા વિષયો પર ફિલ્મ નિર્માણ કરવા માટે જાણીતા છે. તેમણે અગાઉ 2020ના ખેડૂતોના વિરોધ સંબંધિત ફિલ્મ બનાવી હતી.

'ધ ગ્રેટ ઇન્ડિયન ઇલ્યુઝન'માં આરંભે બેકગ્રાઉન્ડમાં વરૂણનો અવાજ છે અને તેઓ એમ કહે છે કે આ ફિલ્મ માત્ર બેંકિંગ સેક્ટર અંગેની નથી, બલકે દુનિયામાં પ્રસરી રહેલા સૌથી મોટા અર્થતંત્ર વિશે પણ છે અને તે અર્થતંત્ર હાલમાં સૌથી મોટા કરજમાં ડૂબેલું છે. દેશની અર્થવ્યવસ્થાને અંગેનું આ નિવેદન અર્થે વરૂણ પ્રભાત પટનાયકના એક લેખનું મથાળું ટાંકે છે. તેમાં લખ્યું છે કે બેન્કનું ખાનગીકરણથી આપણું અર્થતંત્ર જ્વાળામુખી તરફ ધપી રહ્યું છે અને તે ક્યારે પણ ફાટી શકે છે.



આ ચેતવણી હતી અને તેમાં સત્ય શું હતું? તેની તપાસ વરૂણ કરવા નીકળે છે અને તેમને જે સત્ય હાથ લાગે છે; તે પરથી બેન્કિંગ સેક્ટરમાં જે કંઈ થઈ રહ્યું છે તે પર બેન્કિંગ સેક્ટરથી આપણો વિશ્વાસ ચોક્કસ ડગી જાય. ડોક્યુમેન્ટરીમાં એક્સપર્ટ તરીકે અર્થશાસ્ત્રીઓ, બેન્કિંગ સિસ્ટમમાં ટોપ પર કાર્ય કરનારા અધિકારીઓ અને મહારાષ્ટ્રના પૂર્વ મુખ્યમંત્રી પૃથ્વીરાજ ચૌહાણ પોતાના મત વ્યક્ત કરી રહ્યા છે. બેન્કિંગ સિસ્ટમ વિશે અગાઉ પણ આ રીતે પ્રશ્નો ઊભા થયા છે. 2010 પછી બેન્કે કૉર્પોરેટ કંપનીઓને લોન આપી હતી ત્યારે તે કંપનીઓ લોનની ચૂકવણી કરી શક્યા નહીં.

આવી ચૂકવણી ન કરનારી કંપનીઓના નામ જાહેર કરવાને લઈને 'રિઝર્વ બેન્ક ઑફ ઇન્ડિયા' પર 2018માં આરોપ લાગ્યા હતા. આ રીતે લોન લેનારી અને તેનું ચૂકવણું ન કરનારી કંપનીઓના રકમનો આંકડો 11 લાખ કરોડનો થવા જતો હતો. મતલબ કે આટલાં નાણાં બેન્કમાં હતા અને તે લોનરૂપે મોટી મોટી કંપનીઓને ચૂકવાયા. પછી તે કંપનીઓએ હાથ અધ્ધર કરી દીધા, ત્યારે સરકારે આ બાકી નાણાંને જતા કરી દીધા હતા.

આવું થાય ત્યારે ચોક્કસ અર્થતંત્રમાં મસમોટો ખાડો પડે. તે પડ્યો પણ ખરો અને તે કારણે મોંઘવારી કહો તો તે અને તે પછી રૂપિયાનું અવમૂલ્યન થયું. અધૂરામાં પૂરું ઇરાન-અમેરિકાનું યુદ્ધ થયું જે કારણે દેશની આર્થિક કમર તૂટી ગઈ. હાલમાં પ્રજા તરીકે આપણને ખર્ચ કરવા પર કાપ મૂકવાનું કહેવામાં આવે છે, પણ બીજી તરફ સરકાર કેટલીક મોટી ઇવેન્ટને પ્રોત્સાહન આપી રહી છે. દેશની આર્થિક સ્થિતિનો તાગ મેળવવા વરૂણ સુખરાજની ડોક્યુમેન્ટરી જોવી જોઈએ અને 'એચડીએફસી'નો મુદ્દો સમજવો જોઈએ.